सत्यमेव जयते

Presented on :02-03-2026
Registered on :02-03-2026
Decided on :08-06-2026
DD-MM-YY
Duration :06-03-00

# IN THE COURT OF ADDITIONAL CHIEF JUDICIAL MAGISTRATE COURT.

**AT:JASDAN.**
**CRMA NO.78/2026**

**Applicant:**
**RAJKOT NAGRIK SAHAKARI BANK LTD.**
Having its Registered Office at -
"Arvindbhai Maniyar Nagrik Sevalay",
150 Feet Ring Road, Near, Raiya Circle,
Rajkot, 360005.
**THROUGH ITS AUTHORISED OFFICER,**
**Mr. Jay Harishbhai Raykangor.**
**Versus**
**Opponent:**

1. **Mr. Jani Dharmendra Mukundray (Borrower)**
   Plot No. 14, Gangabhuvan, Near Sardar Patel School, Jasdan-360050
   **Also At:**
   Deputy Executive Engineer, Irrigation Department, Taluka Seva Sadan, Jasdan- 360050
2. **Mr. Jani Dharmendra Mukundray (Mortgagor & Guarantor)**
   "Sanskruti", Tirupatinagar, Street No. 1, Near, Hanuman Madhi Chowk, Raiya Road, Rajkot-360005
   **Also At:**
   Dholariya Street, Moti Chowk, Jasdan- 360050
3. **Mr. Dharmendra Mukundray(Guarantor)**
   Behind DSVK School, Behind Government Hospital, Jasdan-360050
   **Also At:**
   Near DSVK Highschool, Jasdan-360050.

---

**Advocate for Applicant:Mr. M. D. LIMBASIYA.**

---

## -: ચુ કા દો :-

**૧.** અરજી વંચાણે લીધી. અરજી સાથે રજુ થયેલા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા તથા અરજદારના વિ.વ.શ્રી ની મૌખિક રજૂઆત ધ્યાને લીધી.

**૨.** આ કામે અરજદારે હાલની અરજી સરફેસી એક્ટની કલમઃ૧૪ હેઠળ કરી, સામાવાળાએ તે મિલકત ઉપર લોન લિધેલી અને તે લોન ભરપાઈ કરવામાં નિષ્ફળ જતા તેઓને સરફેસી એક્ટ ની કલમ–૧૩(૨) હેઠળની નોટીસ આપેલી તેમછતાં સામાવાળા બાકી લોનની રકમ ભરવામાં નિષ્ફળ જતાં હાલની અરજી સરફેસી એક્ટ ની કલમઃ૧૪ હેઠળ કરી મિલકતનો ફિઝીકલ કબજો કોર્ટ કમિશ્નર નીમી અરજદારને સુપ્રત કરવા માટે કરેલી છે.

**3.** આ કામે રજૂ થયેલ અરજી તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા,

**Description of the Mortgaged Property/ Secured Asset:**

Immovable Property Situated Immovable Property Situated At Gujarat state. Rajkot dist., sub dist. Jasdan, moje jasdan village, revenue survey no. 19 area acre-4 and guntha-19 converted into non-agri land for residential purpose in which plot no. 14 paiki western side land with area 37-87 sq. meter equivalent to 45-3 sq. yard, thereon residential house

acquired vide regd. Sale deed no. 2006, dated. 05/07/2019 in the name of dharmendrabhai mukundray jani and bounded by as under:-

**North**: at that side personal wall then after plot no-13.

At that side, measurement 12-00.

**South**: public road, at that side, measurement is 12'-00.

**East**: at that side personal wall then after plot no-14 paiki property.

At that side, measurement is 10-40 meter.

**West**: at that side common plot. At that side, measurement is 10-40.

Property Address:-

Plot No.14, Gangabhuvan, Near Sardar Patel School, Jasdan-360050

વાળી મિલકત ઉપર સામાવાળાએ અરજદાર **RAJKOT NAGRIK SAHAKARI BANK LTD.** પાસેથી લોન મેળવેલી, જે લોનના હપ્તા ભરવામાં સામાવાળા નિષ્ફળ જતા, અરજદાર દ્વારા નોટીસ આપેલી, જે નોટીસ સામાવાળાને અરજદાર બેંક બજવણી કરવામાં આવેલ છે તેમછતાં સામાવાળાએ બાકી લોનની રકમ ભરેલ ન હોવાથી હાલની અરજી કરી જે મિલકત ઉપર સામાવાળાએ લોન મેળવેલી તે મિલકતનો કબજો મેળવવા માટે હાલની અરજી કરેલ છે.

૪. અરજદારે રજૂ કરેલા તમામ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા સામાવાળા લોનની રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયેલા છે, જેથી અરજદારે સરફેસી એક્ટ ની કલમ-૧૩(૨)મુજબની નોટીસ સામાવાળાને આપેલી છે તેમછતાં સામાવાળાએ રકમ ભરપાઈ કરેલ નથી જેથી સરફેસી એક્ટની કલમઃ૧૪ મુજબ તકરારી મિલકતનો કબજો મેળવવાની અરજી મંજુર થવાને પાત્ર છે. આ તબક્કે નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો ઓથોરાઈઝ ઓફિસર ઈન્ડિયન બેંક વિ. ડી.વિશાલાશી એન્ડ અધર્સ સીવીલ અપીલ નંબરઃ૬૨૯૫/૨૦૧૫ ના પેરા નં.૪૮ માં જણાવ્યા મુજબ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટને પણ સરફેસી એક્ટ ની કલમ-૧૪ હેઠળની અરજી નિર્ણિત કરવાની હકુમત છે. જેથી, અત્રેની અરજી ચલાવવાની અત્રેની કોર્ટને હકુમત હોવાથી નિચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -: હુ ક મ :-

૧. અરજદારની અરજી આથી મંજૂર કરવામાં આવે છે.

૨. આથી **શ્રી ડી. બી. પરમાર (બેલીફ), પ્રિન્સીપાલ સીનીયર સિવિલ જજ સાહેબની કોર્ટ, વિંછીયા**નાઓની આ કામે કોર્ટ કમિશ્નર તરીકે U/S 14 OF The SARFAESI ACT અન્વયે નિમણુંક કરવામાં આવે છે.

3. કોર્ટ કમિશ્નરશ્રીને આદેશ કરવામાં આવે છે કે, અરજદારે તેમની અરજીમાં માંગેલ દાદ મુજબ

**Description of the Mortgaged Property/ Secured Asset:**

Immovable Property Situated Immovable Property Situated At Gujarat state. Rajkot dist., sub dist. Jasdan, moje jasdan village, revenue survey no. 19 area acre-4 and guntha-19 converted into non-agri land for residential purpose in which plot no. 14 paiki western side land with area 37-87 sq. meter equivalent to 45-3 sq. yard, thereon residential house acquired vide regd. Sale deed no. 2006, dated. 05/07/2019 in the name of dharmendrabhai mukundray jani and bounded by as under:-

**North**: at that side personal wall then after plot no-13.

At that side, measurement 12-00.

**South**: public road, at that side, measurement is 12'-00.

**East**: at that side personal wall then after plot no-14 paiki property. At that side, measurement is 10-40 meter.

**West**: at that side common plot. At that side, measurement is 10-40.

Property Address:-

Plot No.14, Gangabhuvan, Near Sardar Patel School, Jasdan-360050

વાળી મિલકતનું પઝેશન મેળવી અરજદાર **RAJKOT NAGRIK SAHAKARI BANK LTD.**નાં અધિકૃત ઓફિસરશ્રીને સોંપવી.

૪. જો બોજાવાળી મિલકત બંધ હાલતમાં હોય તો કોર્ટ કમિશ્નરશ્રીએ લોક તોડીને તેનો કબજો મેળવવો.

૫. જો લોક તોડીને બોજાવાળી મિલકતનો કબજો મેળવવામાં આવે તો કોર્ટ કમિશ્નરશ્રીએ મિલકતમાં રહેલ તમામ મુવેબલ પ્રોપર્ટીનુ લિસ્ટ તૈયાર કરવુ અને તે મિલકત અરજદારના અધિકૃત ઓફિસરને સુપ્રત કરવું અને લિસ્ટ ની કોપી પંચનામા સાથે સામેલ રાખવી.

૬. અરજદારે મિલકતનો કબજો લેતી વખતે લો એન્ડ ઓર્ડર જળવાય રહે તે માટે સંબધિત પોલીસ સ્ટેશનને આદેશ કરવામાં આવે છે કે, કોર્ટ કમિશ્નરશ્રીને કબજો લેવામાં મદદરૂપ થવા માટે બે પુરુષ અને એક મહિલા પોલીસ કર્મચારી પુરા પાડવા તે માટે પી.આઈ.શ્રીને સુચના આપવામાં આવે છે કોર્ટ કમિશ્નરશ્રીને દિન-૩૦ માં જરૂરી પોલીસ પ્રોટેકશન પુરૂ પાડવુ. પી.આઈ. શ્રીને હુકમ કરવામાં આવે છે કે, ગુજરાત સરકાર હોમ ડિપાર્ટમેન્ટના સરક્યુલર નંબર: SB-II-GNH/112017/998-part file Date:03rd December, 2020 મુજબ સરફેસી અન્વયે જ્યારે પોલીસ પ્રોટેકશન આપવાનો સવાલ ઉત્પન્ન થાય ત્યારે પોલીસ ઓથોરીટીએ કોઈપણ વ્યકિતના નિવેદન નોંધવાના નથી એવી સ્પષ્ટ સુચના પેરા નં.૩ માં કરેલ હોવાથી પોલીસ ઓથોરીટીએ નાણાંકીય સંસ્થા કે સામાવાળાઓને બોલાવીને પોલીસ નિવેદનો નોંધવાની કાર્યવાહી કરવાની નથી અને સત્વરે અરજદાર/નાણાંકીય સંસ્થાને પોલીસ પ્રોટેકશન પુરૂ પાડવાનુ છે અને આ હુકમની નકલ સંબધિત

પી.આઈ.શ્રી સમક્ષ રજૂ થાય તે દિવસથી ૩૦ દિવસમાં અચુકપણે પોલીસ પ્રોટેક્શન પૂરૂ પાડવાનો આદેશ પોલીસ ઓથોરીટીને કરવામાં આવે છે.પોલીસ પ્રોટેક્શનનાં ખર્ચ પેટેની રકમ સબંધિત પોલીસ સ્ટેશનમાં જમા કરાવવી.

**૭.** અરજદારે મિલકતનો કબજો મેળવવા માટેની કાર્યવાહીનો તમામ ખર્ચ જાતે ભોગવવાનો રહેશે અને તે માટે કોર્ટ કમિશ્નરને પુરતી મદદ કરવાની રહેશે.

૮. અરજદારે હાલ કોર્ટ કમિશ્નરશ્રીનાં મહેનતાણા પેટે આશરે રૂપીયા ૧૫,૦૦૦/-(અંકે રૂપીયા પંદર હજાર પુરા) નામદાર કોર્ટમાં જમા કરાવવા અને તે રકમ જમા થયા બાદ કોર્ટ કમિશ્નરશ્રીને જાણ કર્યા બાદ કબજો મેળવવાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે અને તે કાર્યવાહી ૯૦/-દિવસમાં પુર્ણ કરવાની રહેશે અને તે અંગેનો વિગતવારનો રિપોર્ટ કોર્ટને સુપ્રત કરવાનો રહેશે.

૯. કોર્ટ કમિશ્નરશ્રીએ આ કાર્યવાહી રજાના દિવસે અથવા વર્કિંગના કલાકો સિવાયના સમયમાં કરવાની રહેશે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરીને જાહેર કર્યો.

**તા. : ૦૯/૦૬/૨૦૨૬**

**મુકામ : જસદણ.**

**(દેવાંગ ચંદ્રવદન રાવલ)**
**એડી.ચીફ.જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ**
**જસદણ. જજ કોડ નંબર જીજે.૦૧૨૦૯**

V. D. THAKER
GUJ. STENOGRAPHER